# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૨૨/૧૧/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબિલીટી (સીએસઆર) વિશે ઇન્ટરેકટીવ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવારે, તા. ૨૧ નવેમ્બર ૨૦૧૦ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા ખાતે 'કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબિલીટી (સીએસઆર) વિશે ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાત વકતા તરીકે ગુજરાત સરકારની ગુજરાત સીએસઆર ઓથોરિટીના પ્રોજેકટ કન્સલ્ટન્ટ શ્રી તુષાર ત્યાગીએ કોર્પોરેટ સામાજિક જવાબદારીના ભાગરૂપે કંપનીઓને સીએસઆર માટે કેટલું ફંડ ફાળવવાનું હોય છે તથા એનજીઓ અને નોન પ્રોફીટ એજન્સીઓએ સીએસઆર પ્રવૃત્તિઓ માટે ફંડ કેવી રીતે મેળવવું અને કઈ – કઈ પ્રવૃત્તિઓમાં તે વાપરી શકાય છે તે અંગે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, ગત વર્ષે દેશભરમાં રૂપિયા ૧૮૦૦૦ કરોડ સીએસઆર પ્રવૃત્તિમાં વાપરવાના હતા પણ તેને બદલે માત્ર ૫૦ ટકા ફંડ જ સીએસઆર પ્રવૃત્તિઓમાં વપરાયુ હતુ. એનજીઓ અને કંપનીઓને સીએસઆર ફંડ વિશે ઘણી મુંઝવણો થતી હોય છે. આથી આજના સેશનમાં તે અંગે મહત્વનું માર્ગદર્શન મળી રહેશે. ચેમ્બરની એનજીઓ એન્ડ સીએસઆર કમિટીના ચેરમેન શ્રી રાજેન્દ્રકુમાર જરીવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

ગુજરાત સીએસઆર ઓથોરિટીના પ્રોજેકટ કન્સલ્ટન્ટ શ્રી તુષાર ત્યાગીએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, રૂપિયા ૫૦૦ કરોડથી વધારે એસેટ્સ, રૂપિયા ૧૦૦૦ કરોડનુ ટર્નઓવર અને વર્ષે રૂપિયા ૫ કરોડનો નફો

કરતી કંપનીને સીએસઆર લાગુ પડે છે. સીએસઆર ફંડને સમાજોપયોગી કામોમાં વાપરવા માટે એનજીઓ સ્કીલ ડેવલપમેન્ટ, એજયુકેશન, સ્વચ્છતા અભિયાન, હેલ્થકેર, ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ, સ્કૂલની તથા આંગણવાડીની બિલ્ડીગ બનાવવા મદદરૂપ કરવાના, ગ્રામ્ય વિસ્તારમાં સ્પોર્ટ્સ જેવી પ્રવૃત્તિઓને વધારવા, લોકોને રોજગારી મળી શકે તેવી પ્રવૃત્તિ કરવા, ભારતીય સેના માટે ફંડ વાપરવા તેમજ મહિલા સશકિતકરણના પ્રોજેકટ કરી શકે છે. કંપનીઓ ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે પણ સીએસઆર ફંડનો ઉપયોગ કરી શકે છે. કેટલીક મોટી કંપનીઓ પોતાનું ફાઉન્ડેશન બનાવીને સીએસઆર એકટીવિટી કરતી હોય છે. જયારે એનજીઓ તથા નોન પ્રોફીટ એજન્સીઓને સમાજ માટે ઉપયોગી પ્રોજેકટ કરવાના હોય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, એનજીઓ તથા નોન પ્રોફીટ એજન્સીઓને સૌપ્રથમ તો ટ્રસ્ટ અથવા સોસાયટીમાં રજિસ્ટ્રેશન કરાવવાનું હોય છે. કોઇપણ પ્રોજેકટ કરવા માટે તેઓને ગ્રાઉન્ડ લેવલની સ્ટડી કરીને પ્રોજેકટ પ્રપોઝલ બનાવી ઓથોરિટીને સબમીટ કરવાની હોય છે. એનજીઓ કોઇપણ પ્રોજેકટ ઉપર કામ કરવા માટે ગુજરાત સીએસઆર ઓથોરીટી સાથે પાર્ટનરશિપ પણ કરી શકે છે. એના માટે એનજીઓને ત્રણ વર્ષનો કામનો અનુભવ, ફાયનાન્શીયલ રેકોર્ડ, ગત વર્ષોમાં જેમની સાથે કામ કર્યુ છે તેઓની લીસ્ટ ઓથોરીટીને સબમીટ કરવાની હોય છે.

શ્રી ત્યાગીએ વધુમાં કહયુ કે, એનજીઓને કંપનીઓ તરફથી સીએસઆર એકટીવિટી માટે ફંડ મળી ગયા બાદ એકટીવિટીને પૂર્ણ કરવા માટે તેને ત્રણ વર્ષનો સમય આપવામાં આવે છે. આ એકટીવિટીને પૂર્ણ કરવાની જવાબદારી એનજીઓ અને કંપની બંનેની બને છે. એનજીઓને દર વર્ષે એકટીવિટીનો રિપોર્ટ પણ ઓથોરીટીને સબમીટ કરવાનો રહે છે. એનજીઓને હાથમાં લીધેલા પ્રોજેકટ અંગે એકટીવિટી, આઉટપુટ, આઉટકમ અને ઇમ્પેકટ એમ ચાર તબકકામાં કામ બતાવવાનુ હોય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, કંપની તરફથી મળેલું ફંડ કેટલુ કઈ જગ્યાએ વાપરવામાં આવ્યુ તેનો વિગતવાર રિપોર્ટ એનજીઓને ઓથોરીટીને આપવાનો રહે છે. ગુજરાત સરકાર ઉપરાંત કેન્દ્ર સરકારની પણ નજર સીએસઆર એકટીવિટી પર રહે છે. સીએસઆર એકટીવિટીમાં થતી ગેરરીતિને અટકાવવા માટે કાયદામાં રૂપિયા ૨૫ હજારથી લઇને ૫૦ લાખ સુધીનો દંડ તથા જેલની જોગવાઇ પણ કરવામાં આવી છે.

આ ઇન્ટરેકટીવ સેશનમાં ચેમ્બરના એડમિનિસ્ટ્રેશન સેલના હેડ શ્રી અતુલ પાઠકે પ્રાસંગિક વિધી કરી હતી. નિષ્ણાત વકતાએ સેશનમાં ઉપસ્થિત એનજીઓ તથા કંપની પ્રતિનિધિઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.